# પ્રણમું પ્રમુખસ્વામી પ્યારા

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ ઉપક્રમે પ્રકાશિત
સંતોના કંઠે ગવાયેલાં તેમનાં નૂતન ભજનોનું ઓડિયો આલ્બમ

## મંગલાચરણ

જેણે જાત ઘસી સદાય વિચરી, કીધું ભલું વિશ્વનું
જેણે મંદિર સંત શાસ્ત્ર રચીને, કલ્યાણ સૌનું કર્યું;
જેણે રાજ કર્યું દિલે સકલના, શોભે ગુણો સંતના,
ભાવે જન્મશતાબ્દીએ પ્રમુખજી, ગાઈ કરું વંદના.

કવિઃ સાધુ મધુરવદનદાસ

ગાયકોઃ સાધુ સારંગકીર્તનદાસ, ભાર્ગવ ભગત, સાધુ કેશવકીર્તનદાસ, સાધુ ગુરુદર્શનદાસ, સાધુ મધુરવદનદાસ

## ઓસરતી સંધ્યાના જોયા મેં રંગ

ઓસરતી સંધ્યાના જોયા મેં રંગ,
 પ્રમુખસ્વામી તમે યાદ આવ્યા;
એક દીપકમાં લલચાણા પાગલ પતંગ,
 પ્રમુખસ્વામી તમે યાદ આવ્યા. ઓસરતી. ધ્રુવ

આભલું ભરીને તારી પાંગરી છે પ્રીત,
 હું તો પોયણ થઈ કરુણામાં રાચું,
વરસાવો મબલખની ધારધાર હેત તોયે,
 વારવાર રાજીપો યાચું;
આવો ઉભરાય આજ અંતર ઉમંગ,
 પ્રમુખસ્વામી તમે યાદ આવ્યા. ઓસરતી. ૧

આપ તો અગાધ, મારો આરતનો સાદ
 હવે મૂંગી વાણી ને મૌન વહેતું
પળ પળ વિતાવતો પ્રમુખ-યશ ગાવામાં
 હૈયું ફોરમ બની વહેતું,
યાત્રા થઈ સ્મરણોની મારું જીવન
 પ્રમુખસ્વામી તમે યાદ આવ્યા. ઓસરતી. ૨

કવિઃ સાધુ યોગેન્દ્રદાસ
ગાયકઃ સાધુ ગુરુનયનદાસ

# પ્રણમું પ્રમુખસ્વામી પ્યારા

પ્રણમું પ્રમુખસ્વામી પ્યારા,

પ્રણમું પ્રાણજીવન ગુરુજી. પ્રણમું. ટેક

મુખડું તમારું સુખડું દેતું, દેતું દર્શનદાનજી,

દર્શન કરતાં ઠરિયાં મારા, નેણ તણાં એ દ્વાર. પ્રણમું. ૧

હસ્ત તમારા નિર્ભય કરતા, કરતા શાંતિ પ્રદાનજી,

શાંતિ થાતાં સુખ જ ઊપજે, ઊઘડે જ્ઞાનભંડાર. પ્રણમું. ૨

આપ નયનની દૃષ્ટિ ઝીલતાં, પરિવર્તન છે જીવનું,

પરિવર્તિત થઈ સુખડાં માણે, પામે અક્ષરધામ. પ્રણમું. ૩

ચરણ તમારાં તીરથ કરતાં, કરતાં જીવ પવિત્રજી,

પવિત્ર થઈને શ્રીહરિ કેરી, 'ભક્તિ'એ ચિત્ત ભરાય. પ્રણમું. ૪

કવિઃ સાધુ ભક્તિપ્રિયદાસ

ગાયકઃ સાધુ પ્રેમવદનદાસ

# પ્રમુખસ્વામી તમારી આવે યાદ

પ્રમુખસ્વામી તમારી આવે યાદ, મારા દિલમાં રમો છો દિનરાત,
મારું જીવતર કર્યું રળિયાત. પ્રમુખસ્વામી તમારી. ધ્રુવ

સ્વામી તારો ખોળલો ખૂંદતા બાળ અમે, વ્હાલપની છોળમાં નિત નિત ન્હાયા રે
માત પિતા ભાઈ મિત્ર બનીને તમે વરસ્યા અનરાધાર.
મારું જીવતર કર્યું રળિયાત. ૧

અમે અટવાતા જ્યાં જીવનની વાટમાં, સ્વામી તારાં પગલાં મળ્યાં સંગાથમાં રે
હાથ ઝાલી તમે પાર ઉતાર્યા, તમે ભવ ભવ તણા ભરથાર.
મારું જીવતર કર્યું રળિયાત. ૨

તમે પરબ્રહ્મના પૂરણ ધામ છો, અમે તો જીવડાં ખદબદ થાતાં રે
ભક્તિ ધરમ ને જ્ઞાન વૈરાગ્યની, પગલી પાડતાં લડખડ થાતાં રે,
હેત કરીને તોયે હરિના રંગમાં, રસબસ કર્યા રમમાણ.
મારું જીવતર કર્યું રળિયાત. ૩

પ્રમુખસ્વામી તમારી આવે યાદ, મહંતસ્વામી રૂપે વિચરો છો આજ,
મારા દિલમાં રમો છો દિનરાત.

કવિઃ સાધુ અક્ષરવત્સલદાસ
ગાયકઃ સાધુ ગુરુદર્શનદાસ

# રે ચાલી હું પ્રમુખ સ્વામી સંગે

રે ચાલી હું પ્રમુખ સ્વામી સંગે
રંગી મુને હરિના રંગે. ટેક

રે ભવભવની ભાવટ ભાંગી, રે હું તો અલબેલાને અનુરાગી;
રે નિરભેની ધણણણ નોબત વાગી. રંગી. ૧

રે માયાનું ઘોર તિમિર ટાળ્યું, રે સર્વસ્વ બ્રહ્મમહીં ભાળ્યું;
રે ભક્તિ ભજનમાં સુખ ભાવ્યું. રંગી. ૨

રે અંતરમાં ધણીને ધારું, રે અહોનિશ પળ પળ સંભારું;
રે અક્ષર કામ સર્યું મારું. રંગી. ૩

કવિઃ સાધુ અક્ષરજીવનદાસ
ગાયકઃ સાધુ શુકમુનિદાસ

# પ્રમુખસ્વામી આજ સૌને વાલા લાગે રે

વા'લા લાગે, વા'લા લાગે, વા'લા લાગે રે,
પ્રમુખસ્વામી આજ સૌને વા'લા લાગે રે;
પ્યારા લાગે, પ્યારા લાગે, પ્યારા લાગે રે,
પ્રમુખસ્વામી આજ સૌને પ્યારા લાગે રે. વા'લા લાગે. ધ્રુવ.

મન હરંતી કામણગારી મૂર્તિ છે અલબેલી
વરસે એનાં નેણે વેણે અમૃત કેરી હેલી
પ્રેમ ને કરુણાની સ્વામી ધારા લાગે રે. પ્રમુખસ્વામી આજ. ૧

સાધુતાના શિરમોર છે તોલે કોઈ ન આવે
મોટા મોટા સદ્‌ગુરુ પણ સ્વામીના ગુણ ગાવે
ન્યારા લાગે, ન્યારા લાગે, ન્યારા લાગે રે. પ્રમુખસ્વામી આજ. ૨

હેત કરી સૌ કોઈને મળે પરોપકારી સ્વામી
ભક્તોના સુખદુઃખમાં ભળે સ્વજન થઈને સ્વામી
મારા લાગે, મારા લાગે, મારા લાગે રે. પ્રમુખસ્વામી આજ. ૩

અવનિમાંહી પ્રગટ સદા હરિ સંતસ્વરૂપે
પ્રમુખસ્વામી વિચરે જુઓ મહંતસ્વામી રૂપે
'ઈન્દ્ર'ને આજ આંખલડીના તારા લાગે રે. પ્રમુખસ્વામી આજ. ૪

કવિઃ શ્રીઈન્દ્રજિત ચૌધરી

ગાયકોઃ સાધુ સારંગકીર્તનદાસ, સાધુ પ્રણવમુનિદાસ

## રાજી રહો ને સ્વામી જીવન હું આપની

રાજી રહો ને સ્વામી જીવન હું આપની,
વાણીના વહેણમાં વહાવું
હું ને વેરી દઈને આપમાં ખોવાઈ જઉં,
ડૂબી જાઉં ને તરી જાઉં. રાજી રહોને સ્વામી. ધ્રુવ.

આપનો રાજીપો તો જીવનું જીવન છે
રાંકને અમૂલ ધન લાધે
કાચા આ કોડિયામાં આપનાં જ અજવાળાં
આતમો અંતિમ લક્ષ સાધે
આપના જાદુમાં હું એવો ઝડપાઈ જાઉં
આપનો દીવાનો બની જાઉં. રાજી રહોને સ્વામી. ૧

પાવક બન્યા છો મારા પાપો પ્રજાળવા
આપની કરુણામાં ભીંજાઉં
સાંજ ને સવાર મન મૂર્તિમાં લીન રહે
શ્રીજીનું સુખ હું તો પાવું
આપના વચનમાં રહે નિત્ય વિહાર મારો
સેવક હું આપનો કહાવું. રાજી રહોને સ્વામી. ૨

કવિ: સાધુ યોગેન્દ્રદાસ

ગાયક: સાધુ કેશવકીર્તનદાસ

# મને શીખવો તવ આતમ સંગીત

મને શીખવો તવ આતમ સંગીત હે પ્રમુખસ્વામી, શીખવો તવ આતમ સંગીત

મારે રીઝવવા આપને અમિત હે પ્રમુખસ્વામી, શીખવો તવ આતમ સંગીત. ધ્રુવ.

સાધનાને પંથ હજી ઘૂંટતો જ ષડ્જ અને જોયું તો આંખો થઈ ચાર,
સાતેય સૂર દીઠા એક એક સાગર ને કેમ કરી ઊતરવું પાર,
હવે આપ કહો એ જ રીતે રીત હે પ્રમુખસ્વામી, શીખવો તવ આતમ. ૧

આપ કહો એ જ સ્વરો વાદી ને સંવાદી, આપ કહો એ જ લય તાલ,
તનના તંબૂરનેય આપ સ્વરે મેળવી હું ઝંકારું આપનું જ વ્હાલ.
મારે ગાવાં તવ ગુણલાનાં ગીત હે પ્રમુખસ્વામી, શીખવો તવ આતમ. ૨

મનની મુજ મોરલીનાં છિદ્રોને ભરી ભરી રેલાવો રાગ મલ્હાર,
અંતરની રેત ઉપર મેઘ બની ઊતરશે સ્વામી તુજ હૈયાનો હાર.
મારે ભીંજાવું આપ સંગ નિત હે પ્રમુખસ્વામી, શીખવો તવ આતમ. ૩

કવિઃ સાધુ મધુરવદનદાસ
ગાયકઃ સાધુ મધુરવદનદાસ

# મારા સ્વામીએ આજ મને

દોહો - નયનબાણથી અંતર ભેદી, મુજને તારો કીધો,
નેણે વેણે અમૃત વરસી, જગથી ન્યારો કીધો,
લટકે લટકે તુજ મૂર્તિમાં, નિત નિત રસબસ કીધો,
હરખે હરખે આજે મેં તો, પ્રેમ પ્રમુખરસ પીધો.

મારા સ્વામીએ આજ મને, રંગમાં રસબસ કીધો;
એની સામે બેસીને એની, સાથે હરિરસ પીધો... ટેક

નહિ કોઈ રંગ કે નહિ ગુલાલ, નહિ ચંદન નહિ કંકુ;
નહિ પિચકારી નહિ ફુવારો, તોયે રોમે રોમ ભીંજાયું;
ડાઘ ના એકે દીસે બા'રે તોયે નહિ અદીઠો... રંગમાં ૧

નેણે રંગ્યો કે'ણે રંગ્યો, રંગ્યો કરના લટકે;
રાસ રમંતા પગલે રંગ્યો, રંગ્યો મધુરા હસવે;
મૂર્તિ સહેજે સહેજે સમરે, આંખ મીંચો ના મીંચો... રંગમાં ૨

નાચું કૂદું દોડું ગાવું, સ્થિર નથી રહેવાતું;
છલક છલક આ હૈયું મારું, હરખ હરખ ઉભરાતું;
ગરજ ના અમૃતરસની મારે, પ્રેમ પ્રમુખરસ પીધો... રંગમાં ૩

કવિઃ સાધુ નારાયણમુનિદાસ

ગાયકઃ સાધુ સૌમ્યકીર્તનદાસ

# પ્રમુખસ્વામીની આ સમજણ છે

પ્રમુખસ્વામીની આ સમજણ છે, સકલ શાસ્ત્રનો સાર,
ગુરુહરિ એક જ કર્તા હર્તા, આપણ શું કરનાર?! પ્રમુખસ્વામીની. ધ્રુવ.

અક્ષરધામ, ભવ્ય મંદિરો, હજાર સંતો કરિયાં,
અગણિત કાર્યો સાધુતા, ભક્તિ, નિષ્ઠાથી ભરિયાં,
જાત ઘસી દીધી તોયે યશ હરિચરણે/ગુરુચરણે ધરનાર. પ્રમુખસ્વામીની. ૧

કાર્ય હોય નાનાં કે મોટાં અપાર વિઘ્નો નડતાં,
હરિઈચ્છાએ નિર્ભય નચિંત હળવાફૂલ બની રહેતા,
સફળતા મળે કે નિષ્ફળતા હરિમરજી/ગુરુમરજી ગણનાર. પ્રમુખસ્વામી. ૨

વિરોધીઓના વિરોધ વચ્ચે અડીખમ પર્વત બનતા,
ક્ષમા ધૈર્ય ને સાધુતા ધરી સૌમાં હરિ નિરખતા,
બીજામાંય વસીને ગુરુહરિ કસોટીના કરનાર. પ્રમુખસ્વામીની. ૩

અહંભાવ તો ભાગતો ફરે, દેહભાવ રહે ડરતો,
દાસભાવનો સાગર ઘૂઘવે, અભાવ-અવગુણ હરતો,
કર્તા છતાં અકર્તા થઈ હરિમસ્તીમાં રમનાર. પ્રમુખસ્વામીની. ૪

કવિઃ સાધુ મધુરવદનદાસ

ગાયકોઃ સાધુ મધુરકીર્તનદાસ, સાધુ ગુરુકીર્તનદાસ

# નેણલાં ઠરે ને હૈડે ટાઢક વળે

નેણલાં ઠરે ને હૈડે ટાઢક વળે,
નારાયણસ્વરૂપ નીરખી નેણલાં ઠરે. નારાયણસ્વરૂપ. ધ્રુવ

સભામાંહીં શોભે કેવા, પૂનમ તણા ચંદ્ર જેવા;
અંગમાંથી શીતળ તેજનાં, કિરણો સરે. નારાયણસ્વરૂપ. ૧

મુખની લાવણતા મીઠી, મૂર્તિ અલૌકિક દીઠી;
હસતા મુખેથી જાણે, મોતીડાં ઝરે. નારાયણસ્વરૂપ. ૨

દિવ્ય ચપળ આંખલડી , વરસે અમી વાદલડી
કૃપાની દૃષ્ટિથી જીવો, અનેક તરે. નારાયણસ્વરૂપ. ૩

ચાલે ઉતાવળે એવા , દર્શનનું સુખ દેવા,
લાખો મુમુક્ષુ જેની, પાછળ ફરે. નારાયણસ્વરૂપ. ૪

વનમાળીદાસ કહે, શ્રીજી ઉરમાંહી રહે,
પ્રગટ પ્રભુ તણી લીલા, સાંભર્યા કરે. નારાયણસ્વરૂપ. ૫

કવિઃ શ્રીવનમાળીદાસ

ગાયકઃ સાધુ શોભિતસ્વરૂપદાસ

# પ્રમુખસ્વામી પ્રગટ્યા'તા

ઓલી ઋતુઓમાં હેમંત જાણે, નિજ ભાગ્યને વખાણે, પ્રમુખસ્વામી પ્રગટ્યા'તા. ૧
ઓલી ગીતામાં કૃષ્ણ વખાણે, એ માગશર ટાણે, પ્રમુખસ્વામી પ્રગટ્યા'તા. ૨
ઓલ્યો સૂરજ પણ શરમાતો ઊગે, સાંજે વહેલો ઝૂકે, પ્રમુખસ્વામી પ્રગટ્યા'તા. ૩
ઓલ્યો ચાંદલિયો અડધો નભ-ગાલે, અડધો શાંતિ-ભાલે, પ્રમુખસ્વામી પ્રગટ્યા'તા.૪

એનાં દર્શન દેવોને દુર્લભ, એ તો થ્યા સુલભ, પ્રમુખસ્વામી પ્રગટ્યા'તા. ૫
એને લખી લખી શારદા હારે, નેતિ કહી વારે, પ્રમુખસ્વામી પ્રગટ્યા'તા.. ૬
ઓલ્યા ચાણસદ ગામના ખોળે, વેદો જેને ખોળે, પ્રમુખસ્વામી પ્રગટ્યા'તા. ૭
ક્યાં ચાણસદ ક્યાં આ અક્ષર?! ભજવે વેષ નટવર, પ્રમુખસ્વામી પ્રગટ્યા'તા. ૮

એને ભાળી દિવાળીબા હરખે, મોતીભાઈ મરકે, પ્રમુખસ્વામી પ્રગટ્યા'તા. ૯
જાણે પંખીનો કલશોર થાયે, વેદમંત્ર ગવાયે, પ્રમુખસ્વામી પ્રગટ્યા'તા. ૧૦
ઓલી ગામની ગોરજ રૂડી, વધાવવાને ઊડી, પ્રમુખસ્વામી પ્રગટ્યા'તા. ૧૧
ઓલ્યા મંદિરમાં ઘંટનાદ વાજે, જણાવવાને આજે, પ્રમુખસ્વામી પ્રગટ્યા'તા. ૧૨
જાણે આકાશી ચંદરવો હેઠો, તળાવ મહીં પેઠો, પ્રમુખસ્વામી પ્રગટ્યા'તા. ૧૩

ઓલી રૂડી હનુમાનની દેરી, કરવા ધૂન હેલી, પ્રમુખસ્વામી પ્રગટ્યા'તા. ૧૪
એ તો જગને ઉજાળવા કાજે, દીપક થઈ આજે, પ્રમુખસ્વામી પ્રગટ્યા'તા. ૧૫
એ શાસ્ત્રીજીના મુખનું પાન, યોગીજીના પ્રાણ, પ્રમુખસ્વામી પ્રગટ્યા'તા. ૧૬
ઓલી ગુણાતીત વાતોની સાખે, ચિરંજીવ સાચે, પ્રમુખસ્વામી પ્રગટ્યા'તા. ૧૭
એ તો શ્રીજીના હૈયાનું વ્હાલ, એથી હું નિહાલ, પ્રમુખસ્વામી પ્રગટ્યા'તા. ૧૮

કવિઃ સાધુ મધુરવદનદાસ

ગાયકોઃ સાધુ શોભિતસ્વરૂપદાસ, સાધુ ગુરુદર્શનદાસ, સાધુ પ્રણવમુનિદાસ

## પ્રમુખસ્વામી હરદમ અમને, તમારું સ્મરણ રહ્યા કરે

પ્રમુખસ્વામી હરદમ અમને, તમારું સ્મરણ રહ્યા કરે
કરો કૃપા એવી કે અમને, તમારું સ્મરણ રહ્યા કરે...

દુઃખ કાપ્યું તમે ને સુખ આપ્યું તમે
હાથ ઝાલ્યા તમે ને સાથે ચાલ્યા તમે
આ ઝેરીલા સંસારમાં, તવ અમીનું સિંચન થયા કરે
પ્રમુખસ્વામી હરદમ અમને, તમારું સ્મરણ રહ્યા કરે... ૧

વાત સાંભળી તમે ને હૈયાં ઠાર્યાં તમે
પ્રેમ વરસી તમે ને કોડ પૂર્યા તમે
આ બળતા ઝળતા જીવતરમાં, તમારી કરુણા વહ્યા કરે
પ્રમુખસ્વામી હરદમ અમને, તમારું સ્મરણ રહ્યા કરે... ૨

હેતે હીંચ્યા તમે ને ચિત્ત ખેંચ્યા તમે
હૂંફ આપી તમે ને આંસુ લૂછ્યાં તમે
આ ભાંગતા તૂટતા સંબંધોમાં, તમારું સ્મરણ રહ્યા કરે
પ્રમુખસ્વામી હરદમ અમને, તમારું સ્મરણ રહ્યા કરે... ૩

કવિઃ શ્રીદેવેન્દ્ર પટેલ
ગાયકઃ સાધુ ભક્તિવર્ધનદાસ